Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૪ મું
અંક ૧-૨
૧૦ નવેમ્બર

કારતક—માગશર

વીર સં. ૨૪૯૪
વિ. સં. ૨૦૨૪
ઇ. સ. ૧૯૬૭

(११४) कुसग्गे जह ओसबिन्दुए, थोदं चिट्ठइ लम्बमाणए ।
एवं मयुयाण जीवियं, समयं गोयम ! मा पमायए ॥ २ ॥

૧૧૪. ડાભની અણી ઉપર ઝાકળનું ટીપું પડવાની તૈયારીમાં હોય એમ લટકતું રહે છે એ જ પ્રકારે મનુષ્યનું જીવન પણ ગમે ત્યારે ખરી પડનારું છે. માટે હે ગૌતમ! એક ક્ષણ માટે પણ પ્રમાદ ન કર.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : : વર્ષ ૮૪ મું : : વાર્ષિક લવાજમ ૫-૭૫ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી શત્રુંજય તીર્થરાજ સ્તવનમ્ .... | ....(મુનિ હેમચંન્દ્રવિજય ગણી) | ૧ |
| ૨ | નૂતન વર્ષાભિનંદન .... .... .... | .... (દીપચંદ જીવણલાલ શાહ) | ૨ |
| ૩ | શ્રી વર્દ્ધમાન મહાવીર : મણકો બીજો–લેખાંક : ૨૭ .... | (સ્વ. મૌક્તિક) | ૩ |
| ૪ | જપ અને ધ્યાન : (લેખાંક ૧૨) .... | .... (દીપચંદ જીવણલાલ શાહ) | ૭ |
| ૫ | આચાર્યશ્રી વિજયઅભયદેવસૂરીશ્વરજી મ. .... | (મુનિ નિત્યાનંદવિજય) | ૯ |
| ૬ | સાધનાનું રહસ્ય .... .... .... .... .... | ....ટાઈટલ પેજ | ૩ |
| ૭ | સમાલોચના.... .... .... .... .... .... | ....ટાઇટલ પેજ | ૪ |


卐

## —: નવા સભાસદો :—

વોરા મુળચંદ ગોરધન (ભાવનગર)

શાહ છોટાલાલ ગીરધરલાલ (સાધના પ્રેસ–ભાવનગર)

## દુગ્ધપાન, જ્ઞાન પંચમી મહોત્સવ અને પૂજા

સં. ૨૦૨૪ ના કાર્તિક શુદ ૧ ને શુક્રવારના રોજ સભાના મકાનમાં સભાસદ બંધુઓએ હાજરી આપેલ તેમજ સભાના સેક્રેટરીઓ તરફથી કરાવવામાં આવેલ દુગ્ધપાનને ન્યાય આપવામાં આવેલ.

કાર્તિક શુદિ પંચમીને સોમવારના રોજ સભાના હોલમાં કલાત્મક રીતે ગોઠવવામાં આવેલ જ્ઞાનના દર્શનનો હજારો સ્ત્રી–પુરૂષોએ લાભ લીધેલ તેમજ કાર્તિક શુદિ ૬ ને મંગળવારના રોજ સવારના જ્ઞાન સમીપે શ્રી પંચ જ્ઞાનની પૂજા રાગરાગણીપૂર્વક ભણાવવામાં આવેલ જેનો સારી સંખ્યામાં લાભ લેવામાં આવેલ.


## શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર : ભાગ ૨ જો

ઉપરોક્ત ગ્રંથ ગુજરાતી લીપીમાં કલકત્તાના અમુક ભાવિક સદ્‌ગૃહસ્થ તરફથી મળેલ સહાયથી છપાએલ છે. પાના ૩૦૪–ફોર્મ ૩૮. બહુ થોડી નકલો હોવાથી તુરતજ મંગાવી લેશો. બુકની કિંમત રૂા. પાંચ. પોસ્ટેજ રૂા. ૨). લખો:—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ

| પુસ્તક ૮૪ મું<br>અંક ૧-૨ | કારતક—માગશર | વીર સં. ૨૪૯૪<br>વિક્રમ સં. ૨૦૨૪ |
|---|---|---|


## ॥ श्री शत्रुंजय तीर्थराज स्तवनम् ॥

(तोटकवृत्तम्)

भव भीम पयोनिधि पार करं,
सुखवल्लि विकासन वारिधरम् ।
विषमा शुभ शैल पवि पवितं,
विमलाद्रिवरं श्रयताच्छरणम् ॥ १ ॥

परमास्पदमापुरनेकतमे,
मुनयोऽत्र विधूय कुकर्मरजः ।
प्रथमार्हत ऋषभेश्वर पाद रजोमहितं,
विमलाद्रिवरं शरणं श्रयतात् ॥ २ ॥

भुवनत्रितयेऽपि प्रशस्यतमं,
सकलोत्तम भूमिभृतां प्रथमम् ।
नतना किन्नरासुरनाथगणं,
विमलाद्रिवरं शरणं श्रयतात् ॥ ३ ॥

शरणं तव शर्मदमाप्य परं,
पशव स्त्रिदिवा तिथिभावमयुः ।
भवसिन्धुसमुत्तरणैक तरीं,
विमलाद्रिवरं शरणं श्रयतात् ॥ ४ ॥

नयने सफले तव दर्शनतः,
रसना च कृता तव संस्तववः ।
फलमाप्तमिदं नरजन्मतरो–
र्विमलाचल ? ते शुभसङ्गमतः ॥ ५ ॥


रचयिता :
मुनि हेमचन्द्रविजयो गणी
(पालीताणा)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વર્ષાભિનંદન

વિ. સં. ૨૦૨૪ના વર્ષે શ્રી જૈન ધર્મ પ્રકાશ વ્યાશી વર્ષ પૂરા કરી ચોર્યાશી વર્ષમાં પ્રવેશ કરે છે. ગત વર્ષમાં શ્રીયુત દીપચંદ જીવણલાલ શાહ, પ્રો. હીરાલાલ ર. કાપડિયા, શ્રીયુત માણેકલાલ છગનલાલ મહેતા, શ્રીયુત ચત્રભુજ જેચંદ શાહ, મુનિ મહારાજશ્રી ભદ્રગુપ્તવિજયજી, આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરિજી વગેરેનો તેમના ગદ્ય લેખો માટે આભાર માનવામાં આવે છે.

વિ. સં. ૨૦૨૩ નું વર્ષ પણ ભારત માટે બહુજ ખરાબ હતુ. વરસાદ ઓછો પડવાને લીધે અનાજની બહુજ અછત રહી હતી. દેશમાં મોંઘવારી કૂદકે–ભૂસકે આગળ વધી રહી હોવાથી સામાન્ય અને ગરીબજનોને ખાવા માટેનું અન્ન મેળવવા માટે બહુ મુશ્કેલી પડી હતી.

વિ. સં. ૨૦૨૩ માં બિહારમાં દુષ્કાળને પરિણામે ઘણા માણસો મૃત્યુ પામ્યા હતા. વિયેટનામમાં ખૂનખાર યુદ્ધ ખેલાય છે અને તેમાં કરોડો રૂ.નો ધૂમાડો થાય છે અને હજારો માણસો યુદ્ધમાં મૃત્યુને શરણ થાય છે. મધ્ય એશિયામાં પણ ફક્ત ચાર દિવસનું ખૂનખાર યુદ્ધ ખેલાઇ ગયું હતું અને તેમાં પણ હજારો માણસો મરાયા હતા અને કરોડોનું નુકશાન થયું હતું. ભારતને પણ સુએજ નહેર બંધ થવાને લીધે અમેરિકાથી આવતુ અનાજ વખતસર આવી શક્યું નહિ તેથી અનાજના ભાવો ખૂબ આસમાને ચઢી ગયા હતા. ભારતને સીમાડે ચીન અને ભારત વચ્ચે બે–ચાર ગોળીબારના છમકલાં થયા હતા.

મનુષ્યનો મહામૂલ્યવાન માનવ ભવનિરર્થક ન નીવડે તે માટે શ્રી ભગવાન મહાવીરની છ આજ્ઞાઓ અમુક અંશે આ વર્ષની શરૂઆતથી જ પાળવા યત્ન કરશો.

(૧) તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરો અને વિચારોને નિર્મળ બનાવવા યત્ન કરો.

(૨) જીવનમાં ત્યાગ કરવા લાયક શું છે અને અંગીકાર કરવા લાયક શું છે તેનો નિર્ણય કરો.

(૩) પોતાની શક્તિનો વિચાર કરો અને શક્તિ મુજબ આગળ પ્રવૃત્તિ કરવાનો યત્ન કરો.

(૪) તમારો ઉદ્ધાર કરવો એ તમારા પોતાના પુરૂષાર્થ પર આધાર રાખે છે. એમ માન્યતા રાખો.

(૫) આ લોકની સુખની ઇચ્છા રાખ્યા વિના જેટલું સત્કાર્ય થાય તેટલું સત્કાર્ય કરો.

(૬) ગૃહસ્થધર્મ અથવા સાધુધર્મને દ્રવ્ય ભાવથી યથાશક્તિ શુદ્ધ રીતે પાળવા યત્ન કરો.

ભારતના લોકોનું નૈતિક ધોરણ નીચે ઉતરી ગયેલ છે અને લોકોનું માનસ ઉશ્કેરાટ ભરેલું બની ગયેલ છે તેથી મનની શાંતિ માટે બેઘડી સુધી દરરોજ પરમાત્માના નામનો જપ કરવાનો આ નૂતનવર્ષની શરૂઆતથી સંકલ્પ કરો.

આ નૂતનવર્ષ સર્વે લાઇફ મેમ્બરોને સભાસદ બંધુઓને અને માસિકના ગ્રાહકોને સુખરૂપ નિવડો તેવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે.

—દીપચંદ જીવણલાલ શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

મણકો ૩ જો :: લેખાંક : ૨૭

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

મહાવીર તો જન્મથી જ સંસારની અસારતા જાણતા હતા તેથી તેમના ફેંસલામાં પણ નિર્ભેળ નિઃસ્વાર્થતા હતી અને આવી મોટી ગૂંચવણનો એકદમ સરળ થાય તેવો નિકાલ લોકો સ્વીકારતા હતા. તેઓ પોતાની દૃષ્ટિએ તેવો ન્યાય આપતા હતા અને આ નિઃસ્વાર્થ ન્યાયને લોકો અને ખાસ કરીને બંને પક્ષ સ્વીકારી લેતા હતા અને તેઓ પોતે તો મિતભાષી હોઈ બહુ જરૂર જ હોય ત્યારે બોલતા હતા અને તેઓ જ્યારે બોલતા ત્યારે સર્વ પક્ષને સારું જ લાગતું, અને જેની વિરુદ્ધ નીકાલ આવે તે રાજીખુશીથી તે ફેંસલો સ્વીકારી લેતા અને લોકોના મતભેદોનો પાર નહોતો. લેવડદેવડ સંબંધી વાંધા પડે તે ઉપરાંત મિલકતને લગતા અનેક વાંધા પડતા. નાળાં કરવાના અને ખાળના મેલા પાણી સંબંધી પણ વાંધા પડતા અને તે પાણી પાડોશીના વાળામાં પડે તે ઝીલવાની તેની ફરજ છે કે નહિ તેની તકરાર પડતી, પણ વર્દ્ધમાનકુમાર લવાદ તરીકે જે ફેંસલો તે તકરારનો આપે તે બન્ને પક્ષ સ્વીકારતા અને તે સ્વીકારવાની ફરજ છે એમ જ સમજતા પરિણામે ન્યાયાસન પાસે ઘણીખરી તકરાર તો આવતી જ નહિ અને જે આવતી તેમાં પણ તેનો નીકાલ કરવા તેઓ વર્દ્ધમાનને સંમતિથી નીમતા અને તેના ફેંસલાને સંમત રહેવાની કબૂલાત ન્યાયાસન પાસે પણ કરતા. અને વર્ધમાનકુમાર તો કોઈની વહુ દીકરી ઉપર નજર પણ ન કરતા. એ પ્રિયદર્શના સાથે પણ ભાગ્યે જ સંયોગ સંબંધ કરતા અને મોટી તીથિએ તથા છ એ અઠ્ઠાઈમાં સ્પર્શેન્દ્રિયના વિષયનો ત્યાગ સંપૂર્ણ કરતા. તેઓની ભાવના સર્વ સંબંધ ત્યાગની હતી અને પાંચે ઇંદ્રિયના ભોગમાં તેઓની આસક્તિ નહોતી. તેઓ સ્પર્શેંદ્રિયને ભોગવે કે રસેંદ્રિયના સંબંધે જમે કે ખાય અથવા કોઈ સુગંધી લે અથવા આંખે જુએ કે કાને કોઇ મીઠો સ્વર સાંભળે તેમાં તેમની આસક્તિ જરા પણ નહોતી. તેમને તો એ સર્વ ઇંદ્રિયોના ભોગોના ત્યાગની જ તમન્ના લાગી હતી અને તેના અભ્યાસ માટે અને પોતે ગર્ભસ્થાનમાં કરેલી પ્રતિજ્ઞાના પાલન માટે તેઓશ્રી જાણે સંસારમાં વગર આસક્તિએ રહ્યા હોય એમ લાગતું હતું. તેઓ વરસો સુધી સંસારમાં રહ્યા ત્યાં સુધીમાં કોઈને ત્યાં જમવા ગયા નહિ, કોઈના મહેમાન થયા નહિ અને કોઈને રસોઈ કરવાની તસ્દી આપી નહિ. સાદા પોતાના દેહને ભાડું આપવું જોઇએ તેટલા પૂરતું તેઓ જમતા અને તે પણ એક જ વખત જમતા, તેઓ કોઈ દિવસ બે વાર જમ્યા જ નથી અને જમતી વખતે બોલતા જ નહિ એટલે તેઓને ભોજનમાં આસક્તિ છે કે નહિ એ જાણવાની તક તેમની સાથે જમનારને પણ મળતી જ નહિ, પણ તૈયાર કરેલો સાદો ખોરાક તેઓ દેહ નિર્વાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે કરી લેતા અને તે પણ આસક્તિ વગર કરતા. તેઓ કોઈ પણ ખોરાકની વસ્તુના વખાણ કરતા નહિ અથવા કવખોડતા નહિ અને રસોઇ તૈયાર કરનારે મીઠું ન નાખ્યું હોય કે ભોજનમાં કે શાક દાળમાં મરચું વધારે નાખ્યું હોય તો પણ ભાણામાં આવેલી ચીજ કાંઈ પણ બોલ્યા વગર ખાઈ લેતા અને રસોઈ કોઇ વખત ખરાબ કરવા માટે રસોઇઆને ઠપકો આપતા નહિ અને સારી રસોઈ કરવા માટે તેને અભિનંદન આપતા નહિ અથવા આજે તો પોતાને માટે અમુક વસ્તુ બનાવજે એવો હુકમ પણ આપતા નહિ. મતલબકે તેઓ જે મળે કે રજૂ થાય તે ખાઇ લેતા અને ખાવાનું કામ પતાવવાનું જ છે તે દેહ નિર્વાહ કરવા પૂરતું કરી લેતા, પણ કદી સ્વાદ ન કરતા, તે એટલે સુધી કે તેમની જમણી દાઢ જે ખાય કે દળે પચાવે તેની ખબર ડાબી દાઢને પણ પડતી નહિ અને ડાબી દાઢ નજીક કોઈ ચાવવાનો પદાર્થ આવે તેની ખબર જમણી દાઢને પણ પડતી નહિ.

આવા પ્રકારની વૃત્તિ એ અનેક રીતે અનુકરણીય છે. આપણામાંના ઘણાખરા ખાતી વખતે અનેક વાતો કરે છે અને ખાવાની વસ્તુના ગુણદોષ પર મોટું ભાષણ આપે છે. તેમણે તો ખાતી વખતે બોલવું જ નહિ અને મુંગા મુંગા જે ભાણામાં આવે તે ખાઇ લેવું એ નિયમથી વર્તતા અને ભોજન સારૂં થયું છે કે તીખું થયું છે કે મીઠું વધારે પડી ગયું છે કે ફીકુંફચ છે એવી પણ કદી ટીકા કરતા નહિ અને જમીને જેમ બને તેમ થોડા વખતમાં ખાઈને ઊઠી જતાં અને પછવાડે પણ તે રસોઈ કેવી બની હતી તેના સંબંધમાં રસોઇ બનાવનારની ટીકા કરતા નહિ કે તેને બોલાવી ઠપકો પણ આપતા નહિ અને રસોઈ બનાવનારને કદી નોકરીમાંથી રજા આપતા નહિ. એ એના કામ ઉપર ચાલુ હતો અને આખા જીવનમાં એકનો એક જ રસોઇઓ તેમણે રાખ્યો હતો તે ચાલુ રહ્યો હતો.

તેવી જ રીતે કપડાં પહેરીને શરીરે ટાપટીપ કરવાની વાત તેઓ માનતા નહિ. રાજવૈભવ પ્રમાણે ભારે કપડાં પહેરતા નહિ અને કપડાં કે શરીરના કોઈ ભાગની મહત્તા સંબંધમાં કોઈની સાથે વાત ન કરી કે તે સંબંધી સારા દેખાવાની ચિંતા ન કરી. તેઓ તો માણસ જે કાઢી આપે તે કપડાં પહેરી લેતાં. કપડાં સાદાં પણ સુંદર હતા અને માણસો તે કપડાં દ્વારા રાજ્યરત્નને ઓળખી લેતા પણ વર્ધમાનકુમારને તો વસ્ત્રની કાંઈ પડી નહોતી. વર્ધમાન જ્ઞાતિ ભોજનમાં કદી જમવા ગયા નહિ અને પોતાને ઘેર જે સાદું ભોજન તૈયાર થતું તે ખાવામાં અથવા ખાઈ લેવામાં પોતાનો નિર્વાહ કરતા અને તે સંબંધમાં કોઇ જાતની ગડબડ ન કરતા. એમને ભોજન સંબંધી કાંઈ પડી જ નહોતી. અને જે ભાણામાં આવી પડે તે ગડબડ કર્યા વગર ખાઈ લેવામાં તેઓ માનતા હતા. અને આ તેમની પદ્ધતિ અને વૃત્તિ જગજાહેર થઈ ગઇ હતી. છતાં સંસારમાં રહ્યા ત્યાં સુધી તેમનો વિવેક અને સાદાઇ અનુકરણીય હતા. તેઓ દરેક પ્રજાજન સાથે જરાપણ તોછડાઇ કે તુંડમિજાજીપણે વર્તતા ન હતા. તેઓ સાદી રીતે સર્વ પ્રજાજનોને સલાહ આપતા અને આ તેઓની લોકપ્રિયતાનું એક કારણ હતું.

પ્રજાજનો પણ એમને ઉપરી અધિકારી અને પારકા ન ગણતા હતા. તેઓ જાણે પોતાના હોય તેમ તેમના ઘરના માણસ તરીકે ગણતા અથવા પોતાના ગણતા અને કોઇ પણ બાબતમાં તેમની સલાહ સ્વીકારી લેતા એટલું જ નહીં પણ તે સલાહ અસરકારક નીવડતી અને પરિણામે લાભદાયક જ નીકળતી. અને તેમનો મિત્ર વર્ગ જ હતો નહિ, કારણ કે રાજકાજમાંથી તેઓ નવરા થાય તો સામાયિક લઈ બેસી જતા અને પર્વ તીથિએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો પૌષધ જ કરતા. એટલે એમને મિત્ર હોવાનું પોષાતુ પણ નહિ અને રહેવા ખાતર દુનિયામાં રહેતા, પણ અહીં રહી તેમણે વેપાર કે ધંધો કાંઈ કર્યા જ નહિ, તેમનું કામ તો રાજકાજમાં ભાગ લેવાનું હતું અને તે એક પોતાની ફરજ તરીકે તેઓ લેતા, પણ સત્તા પ્રાપ્ત થયા પછી અનેક આંધળા થઈ જાય છે અને પોતાની સત્તા બેસાડવાનો દેખાવ કરે છે. મહાવીર તો રાજ કામ પણ એક ફરજ તરીકે કરતા. રાજકામમાં પણ તેઓ વસુલાતી અધિકારીને મદદ કરવાનું કામ કરતા અને આખો વખત રાજ્યની ઓફિસ (સમાહર્તાની ઓફિસ) માં રહેતા અને વખત મળી જાય ત્યારે સામાયિક કરતા. આથી તેઓએ મિત્રનું વર્તુળ જમાવ્યું નહિ અને મિત્રની સંખ્યામાં વધારો કર્યો નહિ. બાળપણમાં સાથે ફરતા તેને મિત્ર ગણાય તો તો અનેક રાજપૂત્રો અને દિવાન વગેરે ઉપરી અધિકારીના પુત્રો હતા, પણ મિત્ર તો તેજ કહેવાય કે સુખદુઃખમાં ભાગ લે, જેની પાસે પોતાની ખાનગી વાતો કરાય. આવા મિત્રોનું મંડળ વર્ધમાનકુમારે જમાવ્યું જ નહોતું, કારણ કે તેઓ તો વિશિષ્ટ જ્ઞાની (અવધિજ્ઞાની) હોવાથી તેઓ આવા કોઇ સાંસારિક કામમાં રસ લેતા જ નહિ, પણ પોતાના વિપુલ જ્ઞાનમાં મસ્ત રહેતા.

વર્ધમાનકુમારે પોતાની આ યુવાન વયમાં પણ કોઇનો વેધ વચકો પાડ્યો નથી. અને વેધ વચકો પાડવાની ટેવ જ નહોતી. એતો પોતાના આત્મિક ગુણોમાં આખો વખત મસ્ત રહેતા અને બને ત્યારે માત્ર સામાયિક જ કરતા અને મિત્રો વધારવાની કે સગાં સંબંધીનો વેધ વચકો પાડવાની તેમણે ટેવ જ પાડી નહિ. વેધવચકા સર્વ પૌદ્ગલિક ચીજો કે રિવાજને અંગે હોય છે અને વર્ધમાનકુમાર તો આત્મિક ગુણના આરાધક હોવાથી તેઓએ કદી વેધવચકા પાડ્યા જ નથી અને વેધવચકા પાડવાની વાતમાં રસ લીધો જ નહિ.

પણ સગાં કે સંબંધીનું કામ હોય તો તે ખડે પગે ઊભા રહીને કરતા અને તેવા પ્રકારનાં સર્વ કાર્યો તે પોતાની ફરજરૂપે ગણતા હતા અને તે કરવામાં તે રસ લેતા હતા.

તેઓ સર્વ રીતે લોકપ્રિય અમલદાર નીવડ્યા હતા અને સત્તા એ તેમને બેદરકાર કે અભિમાની બનાવ્યા ન હતા અને પ્રજાને જ્યારે જરૂર પડે ત્યારે તેનું કામ કરી આપવું તે પોતાનો ધર્મ છે એમ સંસારમાં હોય ત્યાં સુધી માનતા રહ્યા હતા. અને પ્રજા પર સત્તા રોષ કરવો તે પોતાનું કામ નથી પણ જ્યારે અને જેટલી બને તેટલી પ્રજાની સેવા કરવી એ પ્રત્યેક અમલદારનું કાર્ય છે એમ તેઓ બરાબર માનતા હતા, અને માનીને તે વાતનો અમલ કરતા હતા. પ્રજાજનો પણ તેમની સલાહને વધાવી લેવામાં આનંદ માનતા હતા અને તે રીતે પ્રજાપ્રિય અને રાજ્યપ્રિય અમલદાર નીવડ્યા હતા. નાની વય હોવા છતાં પડછંદાદાર સાત હાથ ઊંચું શરીર અને સુવર્ણ કાંતિ તેઓના આકર્ષક દેહમાં રમી જ રહ્યા હતા અને તેથી તેમની સાથે વાત કરવી તે એક જાતનો રસ છે અને તેમના હુકમો ઉઠાવવામાં લોકો માન સમજતા હતા. આવી રીતે એ રાજ્યના લોકપ્રિય અમલદાર બન્યા અને તેમની સલાહ લેવા અનેક માણસો પ્રજાજનો આવતા હતા.

મહાવીર સ્વભાવે બહુ ભદ્રિક હતા. તેઓમાં અભિમાન કે ગૌરવનો છાંટો પણ નહોતો અને અલમદારી સત્તાએ તેઓને જરા પણ બગાડ્યા નહોતા. પ્રજાજનોને કોઈ પ્રકારની અગવડ હોય, ત્યારે તેઓ વર્ધમાનકુમારની સલાહ લેવા દોડી જતા અને તે સલાહને અનુસરવું તે પોતાના છેવટના લાભની હેતુભુત જ નીવડે છે એમ તેઓને લાગતું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ધમાનકુમાર ખૂબ દીર્ઘદૃષ્ટા હતા. તેઓ જે સલાહ આપતા તાત્કાલિક લાભની નહોતી, પણ પરિણામે ઘણો અને બહુ વખત માટેનો લાભ તેમને એ સલાહથી મળતો. તેથી મહાવીર ખરેખરા લોકપ્રિય થયા હતા. અનેક વખત તાત્કાલિક લાભને બદલે તેઓની નજરમાં પરિણામે લાભ થાય તે જ ભાવના રહેતી અને તેઓની સલાહ દીર્ઘ દૃષ્ટિવાળી નીકળતી અને આ કારણે તેઓ ખૂબ લોકપ્રિય નીવડ્યા હતા.

આખા જીવનમાં તેઓ કોઈનું વાંકું બોલ્યા નહિ, કોઈની નિંદા કરી નહિ અને કોઇને દબડાવ્યા નહિ.

પણ રાજ્યનું એક અંગ હોવા છતાં જાણે તેઓ પ્રજાના જ હોય તેવી સારી રીતે વર્ત્યા. આવી રીતે રાજ્યનું અંગ હોવા છતાં પ્રજાજનના હિતમાં રહેવું ઘણું મુશ્કેલ છે, કેટલીક વખત રાજ્યહિત અને પ્રજાહિતને વિરોધ હોય છે, પણ વૈશાલીના ગણ તંત્રનું તેઓ અનુકરણ કરતા હોવાથી આ જીવન સંસારમાં રહ્યા ત્યાં સુધી પ્રજાના હિતમાં જ રહ્યા અને પ્રજા તંત્રવાદને સારી રીતે મદદ કરી રહ્યા. અને વાસ્તવિક રીતે પ્રજાહિત અને રાજ્યહિતને વિરોધ નથી. જ્યાં પ્રજાનું હિત થાય ત્યાં રાજ્યનું હિત જરૂર હોય જ, એટલે એમાં વિરોધ નથી અને મહાવીર–વર્ધમાને એ બન્ને હિત અવિરોધપણે સાધી શકાય છે તે બતાવી આપ્યું. આ વાત આ પ્રજાહિત વાદના યુગમાં ખાસ વિચારવા જેવી છે અને મહાવીરના દૃષ્ટાંતે પ્રજાહિત અને રાજ્યહિતને વિરોધ નથી એ બતાવી આપવાનું કામ આપણા આગેવાનોનું છે. મહાવીર આ બન્ને પ્રકારના હિત સાધી શક્યા છે તે પોતાના જ્ઞાનનો લાભ લીધો અને ખૂબ નિષ્ઠાપૂર્વક તેમણે એકી સાથે એ બન્ને હિતોને સાધી એક વહેવારૂ માણસ નિઃસ્વાર્થ રીતે કેમ કાર્ય સાધી શકે છે તે બતાવી આપ્યું.

બાકી અભિમાન કે લોભ એ તો મહાવીરના જીવનમાં જ નહોતા, તેઓ આ સર્વ વસ્તુ નશ્વર છે, અનિત્ય છે એમ જાણતા હતા. અને પ્રજાનું હિત વધારવાનું છે એમ પોતાની ફરજ ગણતા હતા. અને ગણરાજ્યને કેવી રીતે વધારે અવકાશ આપવો તેની જ નિરંતર ચિંતા કરતા હતા. તેઓ કદી રાજ્યની સત્તા કેમ વધે તે નજરમાં રાખીને પોતાના વિચારો કરતા ન હતા અને પ્રજાના અભિપ્રાય અથવા જાહેર મત તો એ રીતે જ વધે અને જામતો જાય એવો અભિપ્રાય ધરાવતા હતા. અને નવાઇ લાગશે પણ એ ગણરાજ્યમાં એ વર્ધમાન પ્રજા તરફથી ચુંટાઇને આવ્યા હતા. તેમના નિર્ણયમાં પ્રજાને એટલો બધો વિશ્વાસ હતો કે વર્ધમાન જે કાંઈ પણ કરશે તે જરૂર પ્રજાનું અંતિમ હિત વધારનાર જ હશે. પ્રજા એક રાજકુમારને પોતા તરફથી પસંદગી કરી ચુંટી મોકલે એવા દાખલા પણ બહુ જવલ્લે જ બનતા હતા અને કુંડનપરનો આ દાખલો બીજી અનેક જગોએ દેવાતો હતો અને ઘણાં વરસો સુધી એ અજોડ દાખલો જ રહ્યો હતો. ગણરાજ્ય હોવા છતાં કૂલ રાજ્ય વહીવટની અને ધારાઓ ઘડવાની સત્તા એક જ સભાને હતી અને આવી રીતે જનતામાં પ્રિય થવું એવી લોકપ્રિયતા મહાવીર વર્ધમાને જમાવી અને ફેલાવી દીધી હતી. ગણરાજ્યમાં પ્રજાહિતવર્ધક તરીકે પ્રસિદ્ધ થવું એ કાંઇ જેવી તેવી વાત નથી, પણ વર્ધમાને પોતાના વર્તનથી એ અશક્ય વાતને પણ શક્ય બનાવી હતી. પ્રજાસત્તાક રાજ્યમાં લોકો પોતાની સત્તા વધારવા માટે વધારે આતુર રહે છે, પણ વર્ધમાન તો તેવી બાબતમાં તદ્દન નિઃસ્પૃહ હતા અને જનતાની સત્તા વધે તે જોવાને સદૈવ જાગૃત રહેતા. આ તેમની લોકપ્રિયતાનું કારણ હતું. સિદ્ધાર્થ રાજા કે નંદિવર્ધન શું વિચાર કરશે તે રીતે તેઓ કદી વિચાર પણ ન કરતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જપ અને ધ્યાન (૧૨)

લેખક : દીપચંદ જીવણલાલ શાહ

શ્રી માનવિજયજી ઉપાધ્યાયજીએ રચેલ ચોવીશીમાં શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવનમાં રૂપાતીત ધ્યાન વિશે નીચે પ્રમાણે કહે છે.

તૂંહી સાહિબા રે મન માન્યા.
તું તો અકલ સ્વરૂપ જગતમાં,
મનમાં કેણે ન પાયો;
શબ્દે બોલાવી ઓળખાયો,
શબ્દાતીત ઠરાયો. તૂંહી૦ ૧

હવે રૂપાતિત ધ્યાનગર્ભિત આઠમા શ્રી ચંદ્રપ્રભસ્વામીને સ્તવે છે. હે પરમકૃપાળુ પરમાત્મા! આપ મારા મનના માન્યા મળી આવ્યા છો. આપને તુંહી તુંહીના જાપ વડે સદા મારા ચિત્તમાં વસી રહેશો. હે પ્રભુ! તારૂં સ્વરૂપ કળી શકાય એવું નહીં હોવાથી અકળ સ્વરૂપ જગતમાં નૈયાયિક આદિ કોઇ પામી શક્યા નથી અને તે દર્શનકારો શબ્દ વડે ઓળખાવવા મથ્યા છે ખરા પરંતુ છેવટે તેમણે પણ આપ શબ્દાતીત છો એમ ઠરાવ્યું છે.

રૂપ નિહાળી પરિચય કીનો,
રૂપ માંહિ નયિ આયો;
પ્રાતીહાર્ય અતિશય સહિનાણે,
શાસ્ત્રમાં બુધે ન લખાયો. તૂંહી૦ ૨

આપનું અતિશયવાળું બાહ્ય સ્વરૂપ જોઈ તેનો વારંવાર પરીચય કર્યા છતાં હે પરમાત્મા! તારૂં અંતરસ્વરૂપ-પરમાત્મસ્વરૂપ મહાપ્રજ્ઞાવંત પુરૂષોથી પણ શાસ્ત્રમાં લખી શકાયું નથી.

શબ્દ ન રૂપ ન ગંધ ન રસ નહિં,
ફરસન વરણન વેદ;
નહિ સંજ્ઞા છેદન ભેદન નહિ,
હાસ્ય નહિ નહિ ખેદ તૂંહી૦ ૩

આપને શબ્દ નથી, રૂપ નથી, ગંધ નથી, રસ નથી, સ્પર્શ નથી, વર્ણ નથી, વેદ નથી. વળી આહારાદિ ચાર સંજ્ઞા નથી; વળી આપનામાં છેદાવું તેમજ ભેદાવું નથી, આપને હાસ્ય નથી, ખેદ નથી, એવા આપ નિઃશબ્દ, અરૂપી, અગંધી, અરસવાન, અસ્પર્શવાન, અવર્ણી, અવેદી, અસંજ્ઞી, અછેદી, અભેદી, હાસ્ય અને ખેદથી રહિત એવા આપ અનિર્વચનીય છો.

સુખ નહિ દુઃખ નહિ વળી વાંછા નહિ,
રોગ યોગ ને ભોગ;
નહિ ગતિ નહિ સ્થિતિ નહિ રતિ,
અરતિ નહિ તુજ હરષ ને શોક. તૂંહી૦ ૪

આપ સુખ-દુઃખના વિકારથી રહિત છો, આપનામાં વાંછા નથી, આપને રોગ નથી આપને મન, વચન અને કાયયોગ નથી, આપને સંસારના ભોગથી લેપાવાનું નથી. સંસારી

---

અને પ્રજાનું હિત કેમ વધે તેનો જ વિચાર કરતા હતા. તેઓનું ક્ષત્રિયકુંડ નગર તે વૈશાલિને તાબે હતું અને વૈશાલિ તો ગણરાજ્ય હતું એ સુપ્રસિદ્ધ હકીકત છે અને ઇતિહાસ તે રાજ્યના હાલના પ્રજાસત્તાક રાજ્યના પુરોગામી તરીકે, દાખલો આપી, વર્ણવે છે. એને માટે કોઈપણ ઇતિહાસનો ગ્રંથ જોવો. ખરી ખૂબી એ છે કે એ રાજ્યમાં વહીવટ કરનારાઓ પોતાની સત્તા વધારવાને આતુર નહોતા અને રાજાને નામે પણ પ્રજાની સત્તા વધારી રાજા અને પ્રજાની એકતા બનાવવા આતુર હતા. આ રીતે વૈશાલીનું ગણરાજ્ય આદર્શ પ્રજાવાદી રાજ્ય ગણાતું અને રાજા અને પ્રજાનો સુમેળ હોવાથી એ આદર્શ ગણરાજ્ય હતું એ કોઇપણ ઐતિહાસિક નોંધ જોતા જણાશે.

(ક્રમશઃ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવો ક્ષણિક સુખના વિષયો ભણી દોડધામ કરી રહ્યા છે તેવી આપને ગતિ નથી. વળી આપનામાં સ્થિતિ (વિશ્રામ લેવાની ઇચ્છા) નથી. વળી આપનામાં રતિ, અરતિ, હર્ષ અને શોક પણ નથી એટલે કે આપ શાશ્વત સુખરૂપ છો, નિઃસ્પૃહ છો, નિરાંતક છો, અયોગી છો, અભોગી છો, અચળસ્વભાવી છો, પરમ સ્થિરતામય છો, અમોહી છો.

પુન્ય ન પાપ ન બંધ ન દેહ ન,
જનમ ન મરણ ન વ્રીડા;
રાગ ન દ્વેષ ન કલહ ન ભય નહિ,
નહિ સંતાપ ન ક્રીડા. તૂંહી૦ ૫

હે સહજાત્મ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય સ્વામી આપ પુણ્ય, પાપરૂપ કર્મથી રહિત છે તેમજ બંધના હેતુ જે મિથ્યાત્વ, અવિરતિ કષાય, યોગે એના સર્વથા અભાવ હોવાથી આપ અબંધ છો, આપ દેહરહિત છો, આપ જન્મ–મરણ રહિત છો. આપનામાં રાગ અને દ્વેષ નથી, આપ કલહરહિત છો, આપને ભય નથી વળી આપને સંતાપ નથી વળી બાલોચિત રમત–ગમ્મત પણ નથી. એટલે કે આપ શુદ્ધબુદ્ધ છો, અબંધી, અદેહી, અજન્મા, અમર, અવિનાશી, લજ્જારહિત, અરાગી, અદ્વેષી તેમજ કલહરહિત છો સદા અભય–નિર્ભય છો, સંતાપરહિત છો, અમોહી હોવાથી ક્રીડારહિત છો, તેથી તુંહી તુંહીના જાપથી આપનું સદા સ્મરણ હો.

અલખ અગોચર અજ અવિનાશી,
આવકારી નિરૂપાધી;
પૂરણ બ્રહ્મ ચિદાનંદ સાહિબ,
ધ્યાઉં સહજ સમાધી. તૂંહી૦ ૬

આપ અલખ (આપનું સ્વરૂપ લખી શકાય તેમ નથી) અગોચર, અજ (જન્મરહિત) અવિનાશી, અધિકારી (ઇંદ્રિયોના વિકારથી રહિત) અને ઉપાધિરહિત છો. આપ મહાન લોકોત્તર પરમાર્થમય સદ્‌ગુણના સૃષ્ટા છો, નિજ આત્માનંદસ્વામી છો અને આપ સહજ સમાધીરૂપ છો તેથી આપના સ્વરૂપને ધ્યાનમાં ઉતારૂં (લાવું) એટલે હું પણ સહજ સમાધિ સ્વરૂપ નિજરૂપને પામું.

જે જે પૂજા તે તે અંગે, તું તો અંગથી દૂરે;
તે માટે ઉપચારિક પૂજા, ન ધરે ધ્યાનને પૂરે.
તૂંહી૦ ૭

આપની અંગપૂજા તે તો દેહાશ્રિત છે અને તું તો અંગથી બહુ દૂર રહેલો છે એટલે દેહાધ્યાસરહિત આત્મભાવમાંજ સહજ સ્વભાવે સ્થિત છે. તે માટે અંગ અને અગ્રપૂજા ઉપચારીક છે તે અપૂર્વ એવું રૂપાતીત ધ્યાનના પૂર્ણભાવની ચઢતી શ્રેણીમાં ન ઘટી શકે. પણ તેવી દશા પ્રાપ્ત થઇ નથી એવા અભ્યાસી આત્માને અંગ–અગ્રભાવપૂજા આદરણીય છે; કારણકે રૂપાતીત ધ્યાનરૂપ જે કાર્ય તેના કારણરૂપ પિંડસ્થ, પદસ્થ અને રૂપસ્થ ધ્યાન છે.

ચિદાનંદ ઘન કેરી પૂજા,
નિર્વિકલ્પ ઉપયોગ;
આતમ પરમાતમને અભેદે,
નહિ કોઈ જડનો જોગ. તૂંહી૦ ૮

આત્માના અખંડ આનંદમય, પૂર્ણાનંદ ઘન સ્વરૂપની પૂજા–સેવા આપ પરમાત્મામાં શુદ્ધ અંતરાત્મોપયોગ વડે નિર્વિલ્પપણે સ્થિર થઇ રહેવું તે છે જે અંતરાત્માને પરમાત્મા-ભાવ સાથે અભેદતા સહેજે થાય ત્યાં જડ–પૌદ્‌ગલાદિ ભાવનાના સંયોગરહિત હોય છે.

રૂપાતીત ધ્યાનમાં રહેતાં, ચંદ્રપ્રભ જિનરાય;
માનવિજય વાચક એમ બોલે,
પ્રભુ સરખાઇ થાય. તૂંહી૦ ૯

હે ચંદ્રપ્રભુ જ આપે રૂપાતીત પદને પ્રાપ્ત કરેલું હોવાથી આપના પદના અર્થી આત્માએ આપના રૂપાતીત ધ્યાનમાં રહેવું યોગ્ય છે. તેમ રહેતાં શ્રી માનવિજયજી ઉપાધ્યાયજી બોલે છે કે આત્મા પરમાત્મા સરખો થાય. માટે આપને તુંહિ તુંહિવડે સ્મરણમાં લાવી આપના જેવા થશું. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવાંગી ટીકાકાર-

# આચાર્યશ્રી વિજયઅભયદેવસૂરીશ્વરજી મહારાજ

—મુનિ નિત્યાનંદવિજય

**ધારા** નામની પ્રસિદ્ધ નગરીમાં મહીધર નામના શેઠ વસતા હતા. તેમને ધનદેવી નામની સુશીલા પત્ની હતી. તેમની કુક્ષીએ સંવત ૧૦૭૨ ના શુભ દિવસે એક પુત્રરત્નનો જન્મ થયો. તેનું નામ **અભયકુમાર** રાખવામાં આવ્યું.

અભયકુમાર બાલ્યવયથી જ ચતુર અને બુદ્ધિશાળી હતો.

આચાર્યશ્રી જિનેશ્વરસૂરીશ્વરજી મહારાજા વિહાર કરતા કરતા એક વખતે ધારા નગરીમાં પધાર્યા.

મહીધર શ્રેષ્ઠિ નાના બાલુડા અભયકુમારને સાથે લઈને ગુરુમહારાજ પાસે ગયા. ગુરુમહારાજે સંસારની અસારતા જણાવનારો ધર્મોપદેશ આપ્યો. ધર્મોપદેશ સાંભળી બાળકને પૂર્વભવના સંસ્કારના યોગે વૈરાગ્ય ઉત્પન્ન થયો અને માતપિતાને પોતાની ભાવના જણાવી. બાળકની દીક્ષા લેવાની તીવ્ર ઉત્કંઠા જાણી માતપિતા હર્ષ પામ્યા અને બાલ્યવયમાં જ દીક્ષા અપાવી.

શ્રી જિનેશ્વરસૂરીશ્વરજી મહારાજે અભયકુમારને દીક્ષા આપી શ્રી અભયદેવ મુનિ નામ રાખી પોતાના શિષ્ય બનાવ્યા.

દીક્ષા લીધા બાદ ગુરુમહારાજ પાસે ગ્રહણશિક્ષા અને આસેવન શિક્ષા પામી સુંદર રીતે શાસ્ત્રાભ્યાસ કરવા લાગ્યા. બુદ્ધિની તીવ્રતાને યોગે થોડા જ વખતમાં ઘણું ઘણું જ્ઞાન સંપાદન કરી લીધું. આચાર્યપદની યોગ્યતા જોઈ માત્ર સોળ વરસની ઉંમરના શ્રી અભયદેવમુનિને ગુરુમહારાજે આચાર્યપદથી વિભૂષિત બનાવ્યા. ત્યારથી શ્રી અભયદેવસૂરિજી મહારાજના નામથી પ્રસિદ્ધ થયા.

શ્રી અભયદેવસૂરિજી મહારાજના દાદાગુરુ અને શ્રી જિનેશ્વરસૂરિજી મહારાજના ગુરુ શ્રી વર્ધમાનસૂરિજી મહારાજ. પહેલાં તો તેઓ ચૈત્યવાસી હતા. તેમની નિશ્રામાં ૮૪ શ્રી જિનમંદિરો હતાં. સિદ્ધાંતોનો અભ્યાસ કરતાં સંસારનું સ્વરૂપ યથાર્થ રૂપમાં સમજાયું એટલે તેમણે ચૈત્યવાસનો ત્યાગ કર્યો અને ભગવાનના શાસનના સુવિહિત માર્ગનો સ્વીકાર કર્યો હતો.

બન્ને આચાર્યને જુદા વિહારની અનુજ્ઞા આપતાં આચાર્યશ્રી વર્ધમાનસૂરિજી મહારાજે જણાવેલું કે 'પાટણમાં ચૈત્યવાસી આચાર્યો સુવિહિત સાધુઓને રહેવા દેતા નથી અને તેમને હેરાન કરે છે, માટે સુવિહિત સાધુઓની આ તકલીફનું તમારે બુદ્ધિ અને શક્તિથી નિવારણ કરવાનું છે, કારણ કે આ કાળમાં એ કાર્ય કરવાને તમેજ સમર્થ છો.'

ગુરુદેવની આજ્ઞાને શિરોમાન્ય કરી પોતાની બુદ્ધિ અને શક્તિ દ્વારા સાધુઓ માટે ક્ષેત્ર નિર્વિઘ્ન બનાવ્યું. તેમના શિષ્ય તે આપણા શ્રી અભયદેવસૂરિજી મહારાજ મહાસમર્થ આચાર્ય હતા. તેમણે નવ અંગોની ટીકાઓ રચી, જ્યારે શ્રી બુદ્ધિસાગરસૂરિજી મહારાજે આઠ હજાર શ્લોક પ્રમાણ નવું વ્યાકરણ બનાવ્યું જે 'બુદ્ધિસાગર વ્યાકરણ' નામથી પ્રસિદ્ધ થયું.

શ્રી અભયદેવસૂરિજી મહારાજ વગેરે સાધુઓ પ્રત્યપદ્ર નગરે પધાર્યા હતા, તે અરસામાં દેશમાં દુકાળનો ઉપદ્રવ શરૂ થયેલો અને તેથી દેશની દુર્દશા થવા પામેલી. આથી સાધુઓ વગેરેમાં પઠન–પાઠન ઘટવા લાગ્યું, ભણેલું ભૂલાવા લાગ્યું, સિદ્ધાંતની વૃત્તિઓ–ટીકાનો ઉચ્છેદ થવા લાગ્યો. તેમાંથી જે કાંઈ સૂત્રો બચી જવા પામ્યાં તેમાં પ્રેક્ષાનિપુણ મુનિઓને પણ તે સૂત્રોના શબ્દાર્થ દુર્બોધ થઈ પડ્યા.

શાસ્ત્રો અંગે આવી પરિસ્થિતિ થઈ હતી તેવા વખતે એક રાત્રીએ શાસનદેવી આચાર્યશ્રી અભય-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવસૂરિજી મહારાજ પાસે આવ્યા અને કહ્યું કે 'શ્રી શિલાંકાચાર્યે અગ્યાર અંગોની ટીકા બનાવી હતી, તેમાંથી હાલમાં માત્ર બે અંગોની ટીકા વિદ્યમાન રહી છે અને બાકીના નવ અંગોની ટીકા દુષ્કાલના યોગે વિચ્છેદ થઈ જવા પામી છે તો નવ અંગસૂત્રોની વૃત્તિઓની તમે રચના કરો.'

શ્રી અભયદેવસૂરિજી મહારાજ શાસનદેવીનો આ આદેશ સાંભળી આશ્ચર્યચકિત બની ગયા, કેમકે પોતે ટીકા રચવા અંગેની કદીયે કલ્પના પણ કરેલી નહિ તેમજ પોતાને શંકા પણ હતી કે 'વૃત્તિઓ રચવાની મારામાં શક્તિ પણ ક્યાં છે કે વૃત્તિઓ રચી શકું ?' બીજી બાજુ શાસનદેવીનું સૂચન હતું.

આથી આચાર્યે શાસનદેવીને કહ્યું કે 'હું તો અલ્પમતિ જડ જેવો છું. શ્રી ગણધર ભગવંતે રચેલ શાસ્ત્રોને યથાર્થ રૂપમાં જોવા જેટલી મારી બુદ્ધિ નથી અને તે સૂત્રોની વૃત્તિ રચું અને અજ્ઞાનતાના યોગે ઉત્સૂત્ર કથન થઇ જાય તો મારે અનંતકાલ સંસારમાં પરિભ્રમણ કરવું પડે, વળી તમારો આદેશ ઉલ્લંઘન કેમ કરાય ! માટે તમે જ કહો કે મારે શું કરવું ?'

શ્રી અભયદેવસૂરિજી મહારાજ કેટલા ભવભીરૂ હશે ! તે તેમના આ જવાબથી સમજી શકાય છે.

શાસનદેવીએ કહ્યું કે 'સુજ્ઞ શિરોમણિ ! સિદ્ધાંતના અર્થની વ્યાજબી વિચારણા કરવાની તમારામાં યોગ્યતા રહેલી છે, છતાં કોઈ શંકા પડે તો મને યાદ કરજો. હું હાજર થઈશ અને તમારી સંદેહવાળી બાબત મહાવિદેહ ક્ષેત્રમાં જઈને ભગવાન શ્રી સીમંધરસ્વામીજીને પૂછી આવી તમને જણાવીશ.'

શાસનદેવીના આદેશથી શ્રી અભયદેવસૂરિજી મહારાજે નવ અંગોની ટીકા રચવાનો સ્વીકાર કર્યો સાથે અભિગ્રહ પણ કર્યો કે 'જ્યાં સુધી શ્રી ઠાણાંગસૂત્ર આદિ નવે અંગોની ટીકા પરિપૂર્ણ ન કરૂં ત્યાં સુધી હંમેશાં ઓછામાં ઓછો આયંબીલનો તપ કરવો.

શાસનદેવીની સહાયથી શ્રી સ્થાનાંગ સૂત્ર, શ્રી સમવાયાંગ સૂત્ર, શ્રી વિવાહ પ્રજ્ઞપ્તિ ( ભગવતીજી ) સૂત્ર, શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર, શ્રી ઉપાસક દશાંગ સૂત્ર, શ્રી અંતકૃતદશાંગ સૂત્ર, શ્રી અનુત્તરોપપાતિક દશાંગસૂત્ર, શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્ર, શ્રી વિપાક સૂત્ર. આ નવે અંગોનીવૃત્તિઓ રચવાનું ભગીરથ કાર્ય સુંદર રીતે નિર્વિઘ્ને પૂર્ણ કર્યું. અને તે બધી વૃત્તિઓ તે વખતના મહાશ્રુતધર આચાર્યો પાસે શુદ્ધ કરાવ્યા બાદ બીજી નકલો કરાવવામાં આવી. અનુક્રમે શ્રી અભયદેવસૂરિજી મહારાજ આદિ ધોળકા નગરે પધાર્યા.

વર્ષો પર્યંત ઘી, દૂધ, વગેરે લઇ શકેલ નહિ તેમજ ઉજાગરા ઘણા થયેલા, શ્રમ પણ ઘણો પડેલો વગેરે નિમિત્ત યોગે આચાર્યશ્રી અભયદેવસૂરિજી મહારાજને લોહી વિકારનો (કોઢ) રોગ થઇ આવ્યો હતો. આચાર્યશ્રી તો સમજતા હતા કે 'મારા પૂર્વકૃત દુષ્કર્મોના ઉદયથી આ રોગ થયો છે, મારા કરેલાં કર્મો મારે ભોગવવાં જ જોઇએ. સમભાવે સહન કરવાથી આ રોગના કારણરૂપ મારાં અશુભ કર્મો તો નિર્જરશે અને સાથોસાથ મારાં બીજાં પણ ઘણાં અશુભ કર્મો નિર્જરશે તથા તેવાં બીજાં અશુભ કર્મો બંધાશે નહિ.' આવી શુભ ભાવનાથી રોગને સહન કરતા હતા.

પરંતુ કેટલાક ઇર્ષ્યાળુ અને અજ્ઞાન લોકોએ પ્રચાર કર્યો કે 'ઉત્સૂત્રના કથનથી કોપાયમાન થયેલ શાસનદેવતાએ વૃત્તિકાર આચાર્યને કોઢ ઉત્પન્ન કરેલ છે.'

ઇર્ષ્યાળુ લોકોનો ઇરાદો એવો કે શ્રી અભયદેવસૂરિજી પ્રત્યે શ્રી ચતુર્વિધ સંઘને અનાદરભાવ પ્રગટે અને નવી રચેલી ટીકા આદરપાત્ર બને નહિ.

તે કાળમાં પણ આવા સમર્થ, વિવેકી અને વિદ્વાન મહાપુરુષોની ઇર્ષ્યા કરનારા હતા, તો આજના કાળમાં એવા લોકો હોય તેમાં નવાઇ શી ? સુજ્ઞ મહાપુરુષો પોતે પોતાનું કાર્ય કરે જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'ઉત્સૂત્ર કથનના અંગે શાસનદેવીએ શ્રી અભયદેવસૂરિજી મહારાજને કોઢરોગ ઉત્પન્ન કર્યો છે.' આવો જુઠ્ઠો પ્રચાર સાંભળી શ્રી અભયદેવસૂરિજી મહારાજ ઘણા વ્યાકુલ બની ગયા અને મૃત્યુની ઇચ્છા કરવા લાગ્યા. એકવાર રાત્રે ધરણેન્દ્રનું ધ્યાન ધર્યું. એ રાત્રે સ્વપ્ન આવ્યું તેમાં એક વિકરાળ સર્પ આવ્યો અને પોતાનું શરીર ચાટવા લાગ્યો. આચાર્ય મહારાજ જાગી ગયા અને સ્વપ્નનો ભાવાર્થ પોતે સમજ્યા કે 'આ વિકરાળ સર્પ એ સર્પ નહિ પણ સર્પરૂપે આવેલ કાળ હતો. એ કાળે મારા શરીરને ચાટયું છે તેથી મારું આયુષ્ય પૂર્ણ થવા આવ્યું છે, માટે હવે મારે અનશન આદરવું યોગ્ય છે.'

આચાર્યશ્રીને આવી કલ્પના આવવાથી બીજે દિવસે ધરણેન્દ્રે સ્વપ્નમાં આવીને કહ્યું કે 'હું પોતે જ સર્પરૂપે આવી તમારા શરીરને ચાટવા દ્વારા તમારા રોગને દૂર કર્યો છે.' ધરણેન્દ્રના આ વચનથી આચાર્યને આનંદ થયો અને ધરણેન્દ્રને કહ્યું કે 'મૃત્યુનો મને ભય નથી પરંતુ મારા શરીરે થયેલ કોઢ રોગથી પિશુન લોકો જે અપવાદ બોલે છે તે અપવાદ મારાથી સહન થઈ શકતો નથી.'

ધરણેન્દ્રે કહ્યું કે 'હવે આ બાબતમાં તમારે ખેદ કરવાની જરૂર નથી. દીનતાને તજી દો. તમે સેઢી નદીના કાંઠે જાવ ત્યાં વૃક્ષઘટાની અંદર શ્રી કાંતા નગરીના શ્રાવકે સ્થાપેલી શ્રી સ્થંભન પાર્શ્વનાથ ભગવંતની મહાપ્રભાવિક મૂર્તિ છે, તેનો ઉદ્ધાર કરો, અર્થાત્ પ્રગટ કરો. તમારી સ્તવનાથી તે મૂર્તિ પ્રગટ થશે, તેમના દર્શનમાત્રથી તમારો રોગ ચાલ્યો જશે અને શાસનની સુંદર પ્રભાવના થશે. 'જે સ્થળે ગાય પોતાનાં આંચળમાંનું દૂધ ઝારી જાય તે સ્થાન નીચે પ્રતિમાજી રહેલા જાણવા,' વગેરે કહીને ધરણેન્દ્ર અદૃશ્ય થઈ ગયા.

શ્રી અભયદેવસૂરિજી મહારાજે સંઘને વાત કરી. સંઘે સંઘ કાઢ્યો તેમાં ૯૦૦ ગાડાં હતા, બીજા માણસો વગેરે કેટલાં હશે તેની કલ્પના કરી લેવી જોઈએ

સેઢી નદીના કિનારે આવીને સંઘે પડાવ નાખ્યો. તપાસ કરતાં મહીનલ મુખીની કાળી ગાય હંમેશાં અમુક જગ્યાએ દૂધ ઝારી જાય છે, તેની ખબર પડી એટલે આચાર્ય સંઘ સાથે તે સ્થળ ઉપર પહોંચ્યા. પંચાંગ પ્રણિપાત કર્યાં અને એકાગ્રતા પૂર્વક 'જય તિહુયણ' સ્તોત્રની રચના કરવા દ્વારા શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. સ્તોત્રના પ્રતાપે શ્રી પાર્શ્વનાથ ભગવંતની તેજસ્વી નીલમણીમય મૂર્તિ પ્રગટ થઈ. આચાર્યશ્રીએ ભાવપૂર્વક નમસ્કાર કર્યા, ત્યાં જ શરીર ઉપરનો સઘળો કોઢ રોગ નાબુદ થઈ ગયો અને શરીર તેજસ્વી કાંતિમાન બની ગયું.

કોઇ એમ કહે છે કે 'પ્રગટ થયેલ શ્રી સ્થંભન પાર્શ્વનાથ ભગવંતનું ન્હવણ જળ શરીરે લગાડવાથી રોગ દૂર થઈ ગયો.

આ જયતિહુયણ સ્તોત્ર વર્તમાનમાં વિદ્યમાન છે અને તેનો પ્રભાવ અપૂર્વ છે. સ્તોત્ર ૩૦ ગાથા પ્રમાણ છે. ભાવિકો નિત્ય સ્મરણ પણ કરે છે.

આ શ્રી સ્થંભન પાર્શ્વનાથ ભગવંતની મૂર્તિ ખંભાત ખારવાડાના ભવ્ય જિનાલયમાં મૂલનાયક તરીકે બિરાજમાન છે. મૂર્તિ માટે એમ કહેવાય છે કે રાવણના સમયમાં નીલમણિમાંથી આ મૂર્તિ બનાવવામાં આવી હતી.

ખંભાતમાંથી આ મૂર્તિ ચોરાઈ ગઈ હતી પણ તે પાછી મળી ગઈ હતી; ત્યારબાદ મૂર્તિ ઉપર શ્યામવર્ણનો લેપ કરવામાં આવેલો છે. મૂર્તિ મહાચમત્કારી દર્શનીય અને આહ્લાદક છે. દર્શન કર્યા ન હોય તો કરવા જેવા છે. ખંભાતમાં બીજા પણ ૬૫ જિનાલયો છે.

આ નવ અંગો ઉપર ટીકા રચ્યાને અને શ્રી અભયદેવસૂરિજી મહારાજ રોગમુક્ત બન્યાને સેંકડો વર્ષો પસાર થઇ ગયા પરંતુ આજે આપણે તેમને યાદ કરીએ છીએ. અગ્યાર અંગમાંના ત્રીજા શ્રી સ્થાનાંગ સૂત્રથી બારમા શ્રી વિપાક સૂત્ર સુધીની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




ટીકાઓ સુંદર, સરળ અને સવિસ્તૃત રચેલી છે, જેનું વાંચન કરતા શ્રી સુધર્માસ્વામી ગણધર ભગવંતે સૂત્રમાં ગૂંથેલી શ્રી જિનવાણીનું સુધાપાન કરી શકીએ છીએ.

જ્યારે પ્રથમ બે અંગ સૂત્રો શ્રી આચારાંગ અને શ્રી શીલાંકાચાર્ય મહારાજે રચેલી ટીકા આજે મોજુદ છે. આ રીતે અગ્યારે અંગ સૂત્રોની વૃત્તિઓ આ કાળમાં અજોડ છે. જો કે મૂલ સૂત્ર અને ટીકાનો ઘણો ભાગ મ્લેચ્છાદિના આક્રમણ યોગે નાશ પામી ગયેલો છે. છતાં આજે જેટલો ભાગ બચેલો છે તેનાથી સિદ્ધાંતનું ઘણું ઘણું જ્ઞાન મળી શકે છે.

શ્રી અભયદેવસૂરિજી મહારાજે નવ અંગોની ટીકા ઉપરાંત પૂજ્ય આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી મહારાજ રચિત પંચાશક આદિ અનેક પ્રકરણો ઉપર વિવરણો પણ લખ્યા છે. તેમજ આગમ અષ્ટોત્તરી આદિ પ્રકરણોની નૂતન રચના પણ કરેલી છે. તેઓશ્રીનો સ્વર્ગવાસ સં. ૧૧૩૫ માં ૬૩ વર્ષની ઉંમરે (મતાંતરે ૧૧૩૯માં ૬૭ વર્ષની ઉંમરે) કપડવંજ મૂકામે થયો હતો.

જૈનશાસનમાં શ્રી અભયદેવસૂરિજી નામના ઘણા ઘણા આચાર્યો થયેલા છે. અહીં નવાંગી ટીકાકાર સમર્થ શ્રી અભયદેવસૂરિજી મહારાજનો પરિચય આપ્યો છે.

ધન્ય હો એ સૂરિપુંગવોને કે જેઓએ શ્રી જિનશાસનના એ ભવ્ય વારસાને ટકાવી રાખી શિષ્યો–પ્રશિષ્યાદિને અધ્યયનાદિ કરાવી સોંપતા ગયા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાધનાનું રહસ્ય

( જૈન સિદ્ધાંતમાંથી ફેરફાર સાથે )

સાધકના જીવનમાં કોઈપણ એક ધ્યેયનું મહત્ત્વ હોય છે. ધ્યેય રહિત જીવન અહીં તહીં ભટકતું હોય છે અને પોતાના જીવનના કોઈપણ નિશ્ચિત સ્થાને પહોંચી શકતું નથી. આમ થવાનું મુખ્ય કારણ એ છે કે સાધકને શું થવું છે, કેમ થવાય છે અને ક્યારે થવાય તે બાબતમાં તેણે સારી રીતે વિચાર કર્યો હોય અને દૃઢ નિર્ણય કર્યો હોય તેમ જણાતું નથી. આ રીતે ધ્યેયહીન જીવન સંસારમાં અનંતીવાર ભટકે છે તેમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી. માટે સાધકનું લક્ષ્ય શું છે તે તેણે શરૂઆતમાં નક્કી કરવું પડશે. ધ્યેય નક્કી કરો અને ત્યાર પછી આગળ વધો એ અધ્યાત્મ જીવનનો એક માત્ર માર્ગ છે.

આત્મામાં કામ ક્રોધ વગેરેના વિકારો અનંતકાળથી સાથે રહ્યા છે, વળી આ વિકારોને જીતવાનો પ્રયત્ન પણ સાધકે ઘણીવાર કર્યો છે પરંતુ તેને સફળતા મળી નથી. અધ્યાત્મ શાસ્ત્ર આ વિષે જણાવે છે કે સાધકે ઘણીવાર પ્રયત્ન કર્યો છે પરંતુ પ્રયત્નની સાથે વિવેક રાખ્યો નહિ. વિવેકનો અર્થ એ છે કે સાધકે પોતાના ધ્યેયને યોગ્ય રીતે જાણવું. સાધકે હું કોણ છું અને શું છું તે યોગ્ય રીતે ઓળખવું પડશે. આ યુગમાં કોઈક જ આત્મા સ્વને સમજવાનો અને ઓળખવાનો યત્ન કરે છે. હું ક્રોધ, લોભ, રાગ, દ્વેષ શા માટે કરૂં છું ? વિકારો મારા પોતાના છે કે મારાથી ભિન્ન છે ? જીવનમાં ઉત્થાન અને પતન કેમ આવે છે ? આ બાબતોને સમજવા આપણા વ્યસ્ત જીવનમાંથી ક્યારે અમુક સમય કાઢ્યો નથી. આપણને દુઃખનો અનુભવ થાય છે પણ આ દુઃખ ક્યાંથી આવ્યું, કેમ આવ્યું એ સંબંધી કોઈ પણ વખત આપણે વિચાર કર્યો નથી. ક્રોધ આવતાં આપણે શાંત રહી શકતા નથી, અભિમાન આવતાં આપણે નમ્ર રહી શકતા નથી; માયાને લીધે આપણે સરળ બની શકતા નથી; લોભને લીધે આપણે સંતોષ ધારી શકતા નથી; અનુકૂળ પદાર્થો પર રાગ અને પ્રતિકૂળ પદાર્થો પર આપણે દ્વેષ કરીએ છીએ, ઇચ્છા છતાં આપણામાં અધ્યાત્મભાવ ઉત્પન્ન થતો નથી તેનું કારણ એ છે કે સાધક ધ્યેય વિનાનો છે. જીવનમાં ગમે તેટલી અપવિત્રતા આવી ગઈ હોય છતાં પણ જીવનને પવિત્ર બનાવી શકાય છે. આ આશાથી અધ્યાત્મ શાસ્ત્ર ટકી રહેલ છે. સાધકમા પોતાની આધ્યાત્મિક શક્તિ પ્રત્યે વિશ્વાસ હોવો જોઈએ; સાધકની દૃષ્ટિમાં સંસારના દુઃખ જ ત્યાજ્ય નથી પરંતુ સંસારના ક્ષણિક સુખ પણ અંતમાં ત્યાજ્ય છે. સંસારના વિષય અને ભોગો જ્ઞાનીની દ્રષ્ટિમાં વિષ જેવા છે.

આત્માનું બંધન કેમ તૂટે તે બાબતમાં અધ્યાત્મવાદી દર્શને બે માર્ગ બતાવ્યા છે (૧) ભોગ (૨) નિર્જરા. અધ્યાત્મવાદી દર્શનમાં ભોગનો અર્થ એ છે કે બદ્ધ આત્મા પોતાના પૂર્વ સંચિત કર્મોનું સુખ કે દુઃખરૂપે ફળ ભોગવે છે. નિર્જરાનો અર્થ એ છે કે કર્મો પોતાના શુભાશુભ ફળ આપે તે પહેલાં આત્મસંશ્લિષ્ટ કર્મોને આત્માથી અળગા કરી દેવાની એક આધ્યાત્મિક ક્રિયા નિર્જરા છે. જૈન દર્શનની સાધનામાં બે તત્ત્વો સંવર અને નિર્જરા મુખ્ય છે. મોક્ષ પ્રાપ્તિ માટે આ બન્નેને મુખ્ય સાધનરૂપ માનવામાં આવેલ છે. નિર્જરા બે પ્રકારની છે (૧) સકામ નિર્જરા (૨) અકામ નિર્જરા. તપ, ધ્યાન અને સ્વાધ્યાય આદિ

( ટાઈટલ પેજ ૪ ઉપર ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg No. G 50

સાધનાનું રહસ્ય ( ટાઈટલ પેજ ૩ થી ચાલુ )

સાધનાથી કર્મને તેના વિપાક કાળ પહેલાં દૂર કરાય તેને સકામ નિર્જરા કહે છે.

સાધનાના ક્ષેત્રમાં સંશય અને શંકા ભયંકર દોષો છે. સાધકને જે કાંઈ કરવાનું છે તે સર્વ પ્રસન્નભાવથી કરવું જોઈએ. સકામ નિર્જરા માટે મનની પવિત્રતાની જરૂર છે. સાધનામાં રસ પેદા કરો–રસ લ્યો તો જ તેનું સુંદર પરિણામ આવે છે. સાધકને પોતાની સાધનામાં આસ્થા, નિષ્ઠા અને શ્રદ્ધા હોવી જોઈએ તો જ જીવનમાં મૌલિક પરિવર્તન આવી શકશે અને સાધકનું જીવન દિવ્ય પ્રકાશથી જગમગી ઉઠશે. આ દિવ્ય પ્રકાશ સમ્યગ્દર્શન અને સમ્યક્‌જ્ઞાન છે. જ્ઞાન નિર્મળ કરવા માટે સ્વાધ્યાય અને ધ્યાન કરો. જડ અને ચેતનનું ભેદ વિજ્ઞાન સમ્યગ્દર્શનનું મૂળ સ્વરૂપ છે. સમ્યગ્જ્ઞાન મારફત આ પરમ સ્વરૂપની અનુભૂતિ થાય છે. સાધનાનો આરંભ વિશ્વાસ છે, સાધનાનો મધ્ય વિકાર છે અને સાધનાનો અંત આચાર છે. આચારને વિચાર મૂલક થવું જોઈએ અને વિચારને વિશ્વાસ મૂલક થવું જોઈએ. સાધક સામાયિક, પૌષધ અને પ્રતિક્રમણ વગેરે કરે છે પરંતુ આ બધું રસપૂર્વક હૃદયપૂર્વક કરતા નથી તેથી અંતિમ ફળ ( મોક્ષ ) પ્રાપ્ત થતું નથી.

## સમાલોચના

નવા મતિના " વિવેક દર્શન "નુ પ્રદર્શન યાને પ્રસ્તાવના તિમિર તરણીની અસારતા લેખક શાસન સંરક્ષક પૂજ્ય પાઠક પ્રવર શ્રી હંસસાગરજી ગણિવર, પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન શા. મોતીચંદ દીપચંદ મુ. ઠળીયા. વાયા તલાજા; કિંમત રૂા. ૧-૦૦

નવા વર્ગે ચાલુ વર્ષે " શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ અને વિવેક દર્શન " નામની બુક પ્રસિદ્ધ કરીને તે બુકમાં " પ્રસ્તાવના તિમિર તરણિ " નામની સ્વમંતવ્ય પોષક ઝેરી વાતો ભરેલી બુક ઘુસાડી દેવાનો વિવેક દર્શાવેલ છે. તે વિવેકદર્શનનું આ બુક દ્વારા સપ્રમાણ પ્રદર્શન કરાવવામાં આવેલ છે. વાચક મહાશયને વિજ્ઞપ્તિ કે આ ઐતિહાસિક પુસ્તિકાને બારીકાઈથી તલસ્પર્શીપણે વાંચે અને વિચારે.

## સ્વર્ગવાસ નોંધ

શેઠ પનાલાલ ઉમાભાઈ અમદાવાદ મુકામે તા. ૬ ના રોજ થયેલ અવસાનની અમો દુઃખપૂર્વક નોંધ લઈએ છીએ. તેઓશ્રી ધર્મપ્રેમી હતા તેમજ સ્વભાવે મિલનસાર હતા. તેઓ આ સભાના આજીવન સભ્ય હતા. પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર

For Private And Personal Use Only